# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

Ref no. PN 2025-26/309 Dt. 25/01/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## સુરત મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર શ્રીમતી શાલિની અગ્રવાલ માટે ચેમ્બર દ્વારા ભાવભર્યો વિદાય સમારોહ યોજાયો

### ચેમ્બરના હોદ્દેદારોએ શ્રીમતી શાલિની અગ્રવાલને સન્માનપત્ર અર્પણ કરીને તેમની સેવાઓ બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરી તેમના નવા કાર્યકાળ માટે શુભેચ્છાઓ પાઠવી

### સુરતના ઉદ્યોગ સાહસિકો એકવાર જે કામ લઇ લે છે તેમાં શીખીને ટોચ પર પહોંચી જાય છે, આ બાબત હું સુરતથી શીખીને જાવું છું અને મારા બાળકોને પણ લાઇફમાં આવા એટીટયુડથી જીવવાની સલાહ આપીશ : શ્રીમતી શાલિની અગ્રવાલ

### લોકો, એડમિનિસ્ટ્રેટિવ અને ઇલેકટીવ વિંગ ત્રણેય જ્યારે એકજ મેજ ઉપર હોય ત્યારે શહેર કેવી રીતે છલાંગ મારી શકે એનું જીવંત મોડલ એ સુરત શહેર છે

**ચારથી પાંચ જિલ્લાઓમાં કલેકટર તરીકે અને ત્યારબાદ બે કોર્પોરેશનમાં મ્યુનિસિપલ કમિશનર તરીકે કાર્ય કર્યા બાદ હવે મને પાવર અને એનર્જી સેકટરમાં સમગ્ર ગુજરાતની કામગીરી કરવાની તક મળી છે, ગુજરાતમાં જ મહિલા આઈએએસ ઓફિસરને આવી તક મળી શકે છે**

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા રવિવાર, તા. ૨૫ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે સુરત મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર શ્રીમતી શાલિની અગ્રવાલ (IAS)ની વડોદરા ખાતે ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ.ના ચીફ તરીકે બદલી થવાના અનુસંધાને ચેમ્બર દ્વારા તેમના માટે એક ગૌરવપૂર્ણ વિદાય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા શહેરના વિકાસમાં તેમના નોંધપાત્ર યોગદાનની નોંધ લઇને તેમને સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.

સમારોહમાં ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા શ્રીમતી શાલિની અગ્રવાલને શાલ ઓઢાડી સન્માનપત્ર અર્પણ કરીને તેમની સેવાઓ બદલ કૃતજ્ઞતા વ્યકત કરવામાં આવી હતી અને તેમના નવા કાર્યકાળ માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી, ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલા, તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી તથા પૂર્વ પ્રમુખો શ્રી બી.એસ. અગ્રવાલ, શ્રી રાજેન્દ્ર ચોખાવાલા અને શ્રી અશોક શાહ તેમજ ચેમ્બરના ગૃપ ચેરમેન અને સુરતના શાસક પક્ષના દંડક શ્રી ધર્મેશ વાણિયાવાલાએ શ્રીમતી શાલિની અગ્રવાલના કાર્યકાળ દરમિયાન થયેલા વિકાસાત્મક કાર્યો, નિર્ણય પ્રક્રિયા તેમજ નાગરિક કેન્દ્રિત અભિગમની પ્રશંસા કરી હતી. તેમના નેતૃત્વ હેઠળ સ્વચ્છતા, શહેરી ઇન્ફ્રાસ્ટ્રકચર, ડિજિટલ ગવર્નન્સ તથા જાહેર સેવાઓમાં સુરત શહેરે નોંધપાત્ર પ્રગતિનો તેઓ દ્વારા ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

ચેમ્બર પ્રમુખ સહિતના હોદ્દેદારોએ જણાવ્યું હતું કે, શ્રીમતી શાલિની અગ્રવાલે મ્યુનિસિપલ કમિશનર તરીકે તેમના કાર્યકાળ દરમિયાન સરકારી તંત્ર અને ઉદ્યોગજગત વચ્ચે સકારાત્મક સંકલન સાધી શહેરના સર્વાંગી વિકાસને નવી દિશા આપી છે. તેમના કાર્યશૈલીમાં દ્રઢતા સાથે માનવ સંવેદનશીલતા જોવા મળી, જે સુરત શહેર માટે અત્યંત લાભદાયી સાબિત થઈ છે.

શ્રીમતી શાલિની અગ્રવાલે સંબોધનમાં સુરત શહેર સાથે જોડાયેલા અનુભવોને સ્મરણ કરતા જણાવ્યું હતું કે, મેરીટ અને પરફોર્મન્સના આધારે આઈએએસ ઓફિસરને તક આપવામાં આવે છે, એ ગુજરાત સરકારની ખાસિયત છે. ચારથી પાંચ જિલ્લાઓમાં કલેકટર તરીકે કામ કર્યું અને ત્યારબાદ બે કોર્પોરેશનમાં મ્યુનિસિપલ કમિશનર તરીકે કાર્ય કરવાની તક મળી હતી. હવે મને પાવર અને એનર્જી સેકટરમાં સમગ્ર ગુજરાતની કામગીરી કરવાની તક મળી છે. ગુજરાતમાં જ મહિલા આઈએસ ઓફિસરને આવી તક મળી શકે છે.

સુરતને ત્રણ વર્ષ દરમિયાન જે એવોર્ડ મળ્યા છે તે બધા નાગરિકોના છે, અમે અધિકારીઓ તો માત્ર એને સ્વીકારવા જઈએ છીએ તેમ કહીને તેમણે બધા એવોર્ડ પ્રજાને સમર્પિત કર્યા હતા. પ્રજાની ભાગીદારી, પોઝિટિવ એટીટ્યુડ અને વિઝનને કારણે સુરતને આ તમામ એવોર્ડ પ્રાપ્ત થયા છે. સુરત એ ગ્લોબલ સિટી છે. સુરતના લોકોમાં ઇન્ટરનેશનલ એક્સપ્લોઝર જોવા મળે છે.

તેમણે કહ્યું કે, સુરત શહેર સમગ્ર ભારતમાં ટીપી (ટાઉન પ્લાનિંગ) ઇમ્પ્લિમેન્ટેશનમાં પણ લીડ કરી રહ્યું છે. ટીપીનો ડેવલપમેન્ટ પ્લાન બનાવવાનું કામ સૌથી અઘરું હોય છે પણ સુરતમાં ખૂબ જ સરળતાથી ટીપી બની જાય છે, મંજૂર થઈ જાય છે અને એનું અમલીકરણ પણ સરળતાથી થઈ જાય છે, જેના કારણે રોડ–રસ્તા,

બીઆરટીએસ, સર્વિસ લાઈન, ફૂટપાથ, ગ્રીન કોરિડર, ફ્લાયઓવર બ્રિજ, ગાર્ડન, પબ્લિક હેલ્થ સેન્ટર અને સ્કૂલ વગેરે સુવિધાઓ સરળતાથી બનાવી શકાય છે.

સુરતમાં લોકો, એડમિનિસ્ટ્રેટિવ અને ઇલેકટીવ વિંગ ત્રણેય જ્યારે એક જ મેજ ઉપર હોય ત્યારે શહેર કેવી રીતે છલાંગ મારી શકે એનું જીવંત મોડલ એ સુરત શહેર છે. સુરતમાં ઇકોનોમિક ડેવલપમેન્ટ પ્લાન બનાવવામાં આવ્યો છે, જેના દક્ષિણ ગુજરાતના નોડલ ઓફિસર તરીકે તેમની નિમણૂંક કરવામાં આવી છે, આથી તેઓ સુરતથી બદલી પામ્યા બાદ પણ ચેમ્બર ઓફ કોમર્સની સાથે સતત સંપર્કમાં રહેશે તેમ કહીને ઇકોનોમિક ડેવલપમેન્ટ પ્લાનના અમલીકરણ માટે તેમણે ચેમ્બરને સહકાર આપવા માટે અનુરોધ કર્યો હતો.

કલાઇમેટ, ફ્લડ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, સોશિયલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સહિત દરેક ક્ષેત્રમાં મને ખૂબ જ શીખવાની તક મળી છે. સુરતમાં દરેક લોકો પાસે ઘણું નોલેજ છે અને તેમના અનુભવ પરથી ઘણું બધું શીખવાની તક મળી છે, જેથી મારું નોલેજ પણ વધ્યું છે એવું તેમણે કહ્યું હતું. સુરતમાં ૮૫ લાખની વસ્તીમાં રૂપિયા ૧૦,૦૦૦ કરોડનું બજેટ મહાનગરપાલિકાનું બને છે. શહેરો જ્યારે પ્રગતિ કરશે ત્યારે દેશનો જીડીપી પણ વધશે.

શ્રીમતી શાલિની અગ્રવાલે વધુમાં કહ્યું કે, પ્રેકિટકલ અનુભવ હોય અને બિઝનેસ માટેના ગટ્સ હોય તો પછી ડીગ્રી વિગેરે મેટર નથી કરતી. તમારા લાઇફ માટે શું એટીટયુડ છે, રિસ્ક લેવાનું અને નવા – નવા ઇનિશિએટીવ લેવાનું કેટલું એટીટયુડ છે તે મેટર કરે છે. સુરતના લોકો બીજા શહેરોમાં અને દેશોમાં જઇને રિસર્ચ કરે છે અને સુરતમાં કંપની શરૂ કરી અન્ય લોકોને રોજગારી આપે છે. સુરતના ઉદ્યોગ સાહસિકો એકવાર જે કામ લઇ લે છે તેમાં શીખીને ટોચ પર પહોંચી જાય છે, આ બાબત હું સુરતથી શીખીને જાવું છું અને મારા બાળકોને પણ આવું એટીટયુડ જીવવાની સલાહ આપીશ.

તેમણે વધુમાં કહ્યું હતું કે, મેટ્રો, બુલેટ ટ્રેન, એમએમટીએચ જેવા ઘણા બધા આઇકોનિક પ્રોજેકટ માટે કામ કરવાની તક મળી છે. સુરતના લોકો ટ્રાવેલ કરતા હોવાથી તેઓનું એકસપ્લોઝર વધે છે અને ઘણું શીખવા પણ મળે છે. વ્યક્તિગત રીતે પણ સુરતના શહેરીજનો પાસેથી ખૂબ જ શીખીને જાઉં છું એવું તેમણે વધુમાં કહ્યું હતું.